# આજે વડાપ્રધાન પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવનું ઉદ્‌ઘાટન કરશે

**બીએપીએસ દ્વારા તા.૧૫મી ડિસેમ્બરથી એક માસ સુધી પૂ. પ્રમુખસ્વામી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવાશે : સરદાર પટેલ રીંગ રોડ પર ૬૦૦ એકરમાં ભવ્ય "પ્રમુખસ્વામી મહારાજ નગર"નું નિર્માણ કરાયું : ગુજરાત માટે એક મીની કુંભ મેળા સમાન બની રહેશે**





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક સરદાર પટેલ રિંગ રોડ પર ઓગણજમાં એક માસ સુધી ચાલનારા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની તૈયારીઓ પૂર્ણ રૂપે થઈ ચૂકી છે. મહોત્સવના પ્રેરણામૂર્તિ પૂ.મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વિરાટ જનમેદનીની ઉપસ્થિતિમાં તા. ૧૪મી ડિસેમ્બર, બુધવારે સાંજે ૫.૩૦ કલાકે મહોત્સવનું શાનદાર ઉદઘાટન થશે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ બે ભાગમાં યોજાશે જેમ પ્રથમ ભાગમાં વડાપ્રધાન અને પૂ. મહંત સ્વામી શતાબ્દી મહોત્સવ સ્થળ "પ્રમુખસ્વામી મહારાજ નગર"નું ઉદઘાટન કરશે અને ત્યારબાદ બીજા ભાગમાં ઉદઘાટન સમારંભમાં શતાબ્દી મહોત્સવનું ઉદઘાટન યોજાશે.

મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ પવિત્ર પ્રેરણાનો મહોત્સવ બનશે, ફેસ્ટિવલ ઓફ ઈન્સ્પિરેશન બનશે. આ મહોત્સવ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભારતના રાષ્ટ્રપતિથી માંડીને અનેક દેશોના રાજકીય, ધાર્મિક અને સામાજિક વડાઓને પણ આમંત્રણ અપાયું છે અને ભારતના પણ અનેક સંતો-મહંતો અને વિભૂતિઓની હાજરીથી આ એક આંતરરાષ્ટ્રીય મહોત્સવ બનશે જે ગુજરાત માટે એક મીની કુંભ મેળા સમાન બની રહેશે.

'બીજાના ભલામાં આપણું ભલું અને બીજાના સુખમાં આપણું સુખ' એ જીવનસૂત્ર જીવનાર પ્રમુખસ્વામી મહારાજનો આ શતાબ્દી મહોત્સવ આગામી તા.૧૫મી ડિસેમ્બર, ૨૦૨૨થી તા.૧૫મી જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન, એક મહિના દરમ્યાન ગાંધીનગર નજીક અમદાવાદના સરદાર પટેલ રીંગરોડ પર ભાડજ અને ઓગણજ વચ્ચે ૬૦૦ એકર જમીન પર તૈયાર થઈ રહેલાં ભવ્ય "પ્રમુખસ્વામી મહારાજ નગર" ખાતે ધામધૂમથી ભક્તિભાવપૂર્વક ઊજવાશે. લોકસેવા, સંસ્કૃતિ પ્રસાર અને અધ્યાત્મના ક્ષેત્રે અનન્ય યોગદાન આપનાર મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવાશે. સમાજના દરેક સ્તરમાંથી દેશ-વિદેશના લાખો શ્રધ્ધાળુઓ પૂ. પ્રમુખસ્વામી મહારાજને હૃદયપૂર્વક ભાવાંજલિ અર્પવા આ મહોત્સવમાં ઊમટશે. આ મહોત્સવ સાચા અર્થમાં પવિત્ર પ્રેરણાઓનો મહોત્સવ બની રહેશે, જયાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વૈશ્વિક જીવન-કાર્ય-સંદેશ તેમજ સનાતન સાંસ્કૃતિક મૂલ્યો વિવિધ માધ્યમો દ્વારા પ્રસ્તુત થશે, જે લોકોને જીવન ઘડતરની પ્રેરણાઓથી છલકાવશે. આ સમગ્ર મહોત્સવમાં વિવિધ ૪૫ જેટલાં આંતરિક વિભાગોમાં વંહેચાયેલો હશે જેના સંકલન સાથે એક અદભૂત અને અનન્ય મહોત્સવ સાકાર થશે અને ગુજરાત માટે એક કાયમી સંભારણું બની રહેશે.

## શતાબ્દી મહોત્સવના આકર્ષણો

- એક મુખ્ય અને અન્ય ૬ કલાત્મક સાંસ્કૃતિક પ્રવેશદ્વારો
- મુખ્ય પ્રવેશદ્વાર ૨૮૦ફૂટ પહોળું અને ૫૧ ફૂટ ઊંચું
- મુખ્ય પ્રવેશદ્વાર ભારતીય સંસ્કૃતિના મહાન જ્યોતિર્ધર સંતોની યાદ અપાવશે
- અન્ય પ્રવેશદ્વારોની ૧૧૬ ફૂટ લંબાઈ અને ૩૮ ફૂટ ઊંચાઈ રહેશે
- ૧૫ ફુટ ઊંચી પીઠિકા પર પૂ. પ્રમુખસ્વામીની ૩૦ ફૂટ ઊંચી સ્વર્ણિમ પ્રતિમા હશે
- મધ્યમાં દિલ્હી અક્ષરધામ મંદિરની ૬૭ ફુટ ઉંચી પ્રતિકૃતિ બનશે
- વિવિધ પ્રેરણાઓ આપતા પ્રદર્શન ખંડો
- જીવનઘડતર, પારિવારિક શાંતિ, વ્યસનમુક્તિ અને રાષ્ટ્ર સેવા વગેરેની રોમાંચક પ્રસ્તુતિઓ
- બાળકો માટે ૧૭ એકરમાં ફેલાયેલી સાંસ્કૃતિક બાળનગરી આકર્ષણનું કેન્દ્ર બનશે
- બાળકોને સંસ્કાર, શિક્ષણ, સેવા અને આરોગ્યની પ્રેરણા મળશે
- બાળકો-યુવાનોની શક્તિઓને ખીલવતા વિવિધ ટેલેન્ટ શો યોજાશે
- નૃત્ય-સંગીતથી ભરપૂર પ્રેરક કાર્યક્રમો યોજાશે
- પાંચ પ્રદર્શનોની અનોખી પ્રસ્તુતિઓ શાશ્વત મૂલ્યોની પ્રેરણા આપશે
- મહિલા ઉત્કર્ષની અનેકવિધ ગતિવિધિઓ માટે 'મહિલા ઉત્કર્ષ મંડપમ'નું આયોજન
- યજ્ઞપુરુષ સભાગૃહમાં વિવિધ કાર્યક્રમો યોજાશે
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંતો-મહંતો, વક્તાઓ, મહાનુભાવો વગેરે દ્વારા પ્રેરણાદાયી, ચિંતનશીલ પ્રવચનો, ભક્તિમય સંગીત અને અન્ય હૃદયસ્પર્શી રજૂઆતો
- મહત્ત્વનું આકર્ષણ હશે – લાઈટ એન્ડ સાઉન્ડ શો
- લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં ૩૦૦ કરતાં વધારે બાળકો-યુવાનોની રંગારંગ પ્રસ્તુતિ
- ગ્લો ગાર્ડન "જ્યોતિ ઉદ્યાન"ની રંગબેરંગી પ્રેરણાત્મક રચના
- વૈદિક યજ્ઞ કુટિર, અખંડ ભજન કુટિર, રક્તદાન યજ્ઞ વગેરે જેવી વિવિધ આધ્યાત્મિક અને સેવા-પ્રવૃત્તિઓ
- અનુપમ થીમેટિક પાર્ક દરેકની આંખોને રંગબેરંગી રચનાઓથી ઠારશે
- દિવસ કરતાં રાત વધુ સોહામણી હશે

# ગુડાની ટી પી સ્કીમમાં ડક્ટ લાઈન સાથેના માર્ગો ડિઝાઈન કરાશે

**માર્ગો પર આડેધડ ખોદકામ અટકાવી શકાશે : માર્ગ સલામતી સહીત જગ્યાનો મહત્તમ ઉપયોગ કરવાના પરિબળો પણ જળવાશે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના શહેરી વિસ્તાર અને નવા ગાંધીનગરમાં પાણી ગટર, વિજળી ગેસ અને ફાઈબર નેટવર્ક ની લાઈનનુ કામ હાથ ધરવા માટે માર્ગો પર ખોદકામ કરવાની કામગીરી રોજબરોજ થાય છે. જો કે ગુડા દ્વારા આ મામલે ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરવા અન્વયે ડકટ લાઈન સાથે માર્ગોનુ ડીઝાઈનીંગ કરાશે. જેમાં માર્ગોની એકબાજુ અગર વચ્ચે રાખવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર રહેણાંક તેમજ વાણિજય સહીતના વિસ્તારમાં પાણી ગટર વિજળી ગેસ કે નેટ કેબલ સહીતની લાઈન યુટીલીટીઝ ભુર્ગગમાં રાખવામાં આવશે જેના લીધે માર્ગોની લાઈફ પણ સારી રહેશે. જયારે આ સ્થિતિના લીધે અકસ્માતને પણ નિવારી શકાય જાહેર જગ્યાનો પણ આ યોજના અન્વયે વિશેષ ઉપયોગ કરવાનુ વધુ સરળ બનશે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં વિકાસની ગતિ સાથે વસતી પણ વિશેષ રીતે વધી રહી છે.

આવા સંજોગોમાં જમીનનો ઉપયોગ પણ માપી માપીને થાય તે પણ જરૂરી છે. વિકાસ કે માળખાગત સુવિધાના કામો માટે જે જમીન ઉપલબ્ધ છે તે જ રહેવાની છે. આ સ્થિતિમાં તમામ યુટીલીટીઝ લાઈન જમીનમાં અંદર જ રહે જેથી જરૂરિયાત વેળાએ સરળતાથી બદલી પણ શકાય છે. આ દરમિયાન નવી ઉભી કરાય તેમજ સમારકામ માટે પણ ડકટ લાઈન મુકવામાં આવશે. વર્ષોના અંતે ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયેના પ્રોજેકટ અંતર્ગત સ્માર્ટ માર્ગના નિર્માણની યોજના હાથ ધરવામાં આવી છે. જેમાં માર્ગ નં-૬ અને ગ માર્ગના વાઈડનીંગની સાથે માર્ગની બાજુમાં ડકટ તૈયાર કરાઈ છે.

જયારે હવે તેમાં તમામ યુટીલીટીઝ લાઈન પણ સમાવી લેવાશે. જો કે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા હવે તૈયાર થનારી પાલજ , બાસણ અડાલજ નવી ટી પી સ્કીમોમાં શરૂઆતથી જ ડકટ લાઈન સાથેના માર્ગોનુ ડીઝાઈનીંગ કરાશે તેમ પણ જાણવા મળ્યુ છે. જેના લીધે માર્ગોની સલામતી જળવાશે તેમજ વાહનચાલકો માટે રોડ સેફટીના પરિબળો પણ મજબુત બનશે. અત્યાર સુધી માર્ગોના નિર્માણ બાદ પણ રસ્તાઓ પર ગમે ત્યારે આડેધડ ખોદકામ કરવામાં આવતુ હતી. સ્માર્ટ માર્ગના નિર્માણની યોજના અન્વયે યુટીલીટીઝ લાઈન અન્ડર ગ્રાઉન્ડ અલબત્ત ડકટમાં ઉતારી દેવાતા ભવિષ્યમાં રોડ નેટવર્કને ડીસ્ટર્બ કરવાની પણ તકલીફ નહીં રહે.

# શહેરના નવા સેકટરોમાં પાણી પુરવઠો ઠપ્પ થતા સવારથી જ કકળાટ પ્રવર્તયો

**નભોઇ પમ્પીંગ સ્ટેશનમાં ટેકનિકલ ખામી સર્જાતા પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી સરીતા ટાંકીને પુરતો સપ્લાય આપવામાં આવ્યો નહી : સેકટરોમાં રૂટીન સપ્લાય સામે ૫૦ ટકા પુરવઠાની ઘટના લીધે સમસ્યા સર્જાઇ સેકટરવાસીઓમાં આક્રોશ પ્રવર્તયો**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના નવા સેકટરોમાં છેલ્લા બે ચાર દિવસથી ડહોળુ પાણી આવતુ હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. બીજીતરફ આજે નવા સે-૧ થી ૧૪ માં સવારે અડધો કલાકના અંતે જ પાણીનો સપ્લાય બંધ થઈ જતા સેકટરવાસીઓના ઘરોની અન્ડર ગ્રાઉન્ડ ટાંકી અડધી પણ ભરાઈ ન હતી જેના લીધે સવારથી સેકટરોમાં પાણીની પોકાર સાથે રહીશોમાં આક્રોશ પ્રવર્તયો હતો. નભોઈ પમ્પીંગ સ્ટેશન ખાતે ટેકનિકલ ખામી સર્જાતા પાણી પુરવઠો બોર્ડ કક્ષાએથી સરીતા ટાંકીને પુરતા પ્રમાણમાં સપ્લાય આપવામાં આવ્યો ન હતો જેથી રૂટીન સપ્લાયમાં પણ ૫૦ ટકાની ઘટ ઉભી થઈ હતી જેના લીધે સેકટરોમાં પાણીની સમસ્યા સર્જાઈ હતી. જો કે આજે રાબેતા મુજબ પાણી સપ્લાય કરવામાં આવે તેવી પણ સંભાવના છે.

ગાંધીનગરના નવા સેકટરોમાં આજે પાણીની પોકાર ઉઠવા પામી હતી. શહેરના નવા સેકટરોમાં સવારે સપ્લાય વેળાએ માંડ અડધો કલાક જ પાણી આવતા રહીશોના ઘરોમાં પાણીની ટાંકી અડધી પણ ભરાઈ ન હતી. શહેરના સેકટરોમાં એકબાજુ ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ હજુ શમ્યો નથી ત્યાં આજે પાણીનો સપ્લાય જ અટકી જતા સેકટરવાસીઓમાં પ્રબળ આક્રોશ પ્રવર્તાયો હતો. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરમાં નભોઈ પમ્પીંગ સ્ટેશનથી ચરેડી અને સરીતાની ટાંકીમાં પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે સરીતા ટાંકીના આધારે શહેરના નવા સેકટરોમાં પાણી સપ્લાય થાય છે. સે- ૧ થી ૧૪ માં પાણી સપ્લાય કરવા માટે પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પ્રતિદિન અંદાજિત ૩૫ થી ૪૦ એમ એલ ડી પુરવઠો પુરો પાડવામાં આવે છે. પરંતુ છેલ્લા એકાદ દિવસથી આ સપ્લાયમાં રુકાવટ આવી છે. અલબત્ત વોટર સપ્લાય બોર્ડ કક્ષાએથી પુરતા પ્રમાણમાં પાણી આપવામાં ન આવતા સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટી ગયો છે. નભોઈ પમ્પીંગ સ્ટેશનની મશીનરીમાં ટેકનિકલ ખામી સર્જાતા આજે પાટનગર યોજના વિભાગના તંત્રને પુરતુ પાણી સપ્લાય થયુ ન હતુ નગરની સરીતા ટાંકીમાં પણ માંડ ૩.૫ મીટર સુધી જ પાણી પુરવઠો ઉપલબ્ધ થયો હતો પ્રતિદિન સપ્લાય થતા પાણીની જરૂરિયાત સામે ૫૦ ટકા જેટલા પાણીની ઘટ પ્રવર્તી હતી જેના લીધે સવારે સેકટરોમાં સપ્લાય થતા પાણીનો પુરવઠો પ્રભાવિત થયો હતો. નવા સેકટરોમાં પુરતા ફોર્સથી અને પુરતા સમય સુધી પાણી આપી શકાયુ ન હતુ. સવારે માત્ર થોડીવાર માટે સપ્લાય આપવામાં આવ્યો હતો. જેના લીધે નવા સે-૧ થી ૧૪ માં મોટાભાગના રહેણાંક વિસ્તારમાં પાણીની ટાંકી પણ ભરાઈ ન હતી. સવારથી જ પાણી ન આવતુ હોવાની બુમ મચી હતી. સેકટરોમાં મહીલાઓએ સવારથી જ પાણી બંધ થઈ ગયુ હોવાનો રોષ ઠાલવ્યો હતો. એકબાજુ શિયાળાની મોસમમાં શહેરમાં પાણીનો ૩૫ ટકા વપરાશ ઘટી ગયો છે. જયારે પાણીની લાઈનમાં પ્રેશર વધતા લીકેજીસની સમસ્યા પણ વધી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે શિયાળાની ઠંડીના દિવસોમાં પુરતો પુરવઠો ઉપલબ્ધ હોવાછતા સેકટરોમાં સમયસર જરૂરી પુરવઠો સપ્લાય કરી શકાયો ન હતો. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ આવતીકાલથી સેકટરોમાં રાબેતા મુજબ પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવશે મહદઅંશે આવતીકાલે નભોઈ ખાતે સર્જાયેલી ટેકનિકલ ખામીનુ નિવારણ આવી જશે તેમ પણ જણાંવાયુ છે જેના લીધે પાણીના સપ્લાયમાં કોઈ ઘટનો પ્રશ્ન રહેશે નહીં.



"નિહોન કરાટે ડો સુબુકાય સિતોરિયું ઈંડિયા-ગાંધીનગર" નાં ચીફ ઈંસ્ટ્રકટર સુરેશ પરમાર દ્વારા ૧૧ મી ડિસેમ્બરનાં રોજ "ખેલો ગુજરાત" વિશ્રવમયરાજ સ્પોર્ટસ્ હબ-શિહોલી, ગાંધીનગર ખાતે "સુબુકાય ગાંધીનગર ડિસ્ટ્રક્ટ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૨૨"નું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાનાં કોર્પોરેટર જશપાલસિંહ બિહોલા દ્વારા વિજેતાઓને મેડલ્સ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ટ્રાફિકના પ્રશ્નો અને અકસ્માતને રોકવાની દિશામાં સરકાર સક્રિય : હર્ષ સંઘવી

ગાંધીનગર, તા. ૧૩

આગામી દિવસોમાં માલ ટ્રાન્સપોર્ટેશન વધુ થાય; ટ્રાફિક નિયમન થાય અને અકસ્માતોના પ્રમાણ ઘટે તે દિશામાં સરકાર કામગીરી કરશે.

રાજ્યના મોટા શહેરોમાં ટ્રાફિક નિયમન ભંગના વધતા જતા કેસો; ટ્રાફિક નિયમન કામગીરી તેમજ વધતા જતા અકસ્માતના કેસો એ સરકારની ચિંતાનો મુદ્દો છે તેમ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે સચિવાલયમાં તેમના હોદ્દાનો ચાર્જ સંભાળ્યા પછી અનૌપચારિક વાતચીતમાં આ અંગેના સંકેતો આપ્યા હતા. માલ ટ્રાન્સપોર્ટેશન કેવી રીતે વધી શકે અને ટ્રાફિક નિયમન કેવી રીતે અમલી બનાવી શકાય તે બાબતે પણ વિચારણા કરવામાં આવશે. રાજ્યમાં ટ્રાફિકના પ્રશ્નો સતત વધી રહ્યા છે. અકસ્માતોનું પ્રમાણ પણ વધ્યુ છે.

# વીજ વપરાશ બિલમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા માંગ

ગાંધીનગર તા.૧૩

ગાંધીનગરમાં વસવાટ કરતા વસવાટ કરતા વસાહતોને વીજ કંપની દ્વારા જે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે તેના બિલમાં જે ચાર્જ વસૂલવામાં આવી રહ્યા છે તેમાં ફિક્સ ચાર્જના નામે વસૂલવામાં આવતી રકમથી વીજ ગ્રાહકોને નુકસાન થઈ રહ્યું હોવાની ફરિયાદ તાજેતરમાં એક વસાહતી દ્વારા રાજ્ય વીજ નિયમન પંચ કરવામાં આવી હતી. આ ફરિયાદ અનુસાર ઠીક ચાર્જ ને કારણે ગ્રાહકોના માથે આર્થિક બોજો વધી રહ્યો છે જેથી સરકાર તથા વીજ નિયમન પંચ આ અંગે તટસ્થતાથી નિર્ણય કરી દૂર કરી ગ્રાહકોને આર્થિક બોજા માંથી મુક્તિ અપાવી શકે તેમ છે તેવું ફરિયાદીનું માનવું છે.

ગાંધીનગરના સેક્ટર ૨૬ના કિસાન નગર ખાતે રહેતા વરિષ્ઠ નાગરિક કેશવલાલ રામજીભાઈ ચૌધરી દ્વારા થોડા સમય પૂર્વે ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ને ફરિયાદ કરવામાં આવી હતી કે અત્યારે બીજ બીલમાં લગાડવામાં આવતો ફિક્સ ચાર્જ જે અગાઉ મિનિમમ ચાર્જના નામે લગાડવામાં આવતો હતો તે ખોટી રીતે વસૂલવામાં આવે છે તેથી તેને તાત્કાલિક ધોરણે બંધ કરવો જોઈએ. તેમના મતે વીજ જોડાણ લેવું એટલે વીજ વપરાશ કરવો જ એવું ફરજીયાત ન હોય અને જે ગ્રાહકને વીજળીની જરૂર ન પડે તો ના પણ વાપરે તો અથવા બહારગામ રહેતા ગ્રાહકને વીજ વપરાશ ન થાય તો ફિક્સ ચાર્જના નામે તેની પાસેથી ચાર્જ વસૂલવો યોગ્ય નથી. આ ફરિયાદમાં તેમણે રૂફટોપ સોલાર સિસ્ટમમાં ગ્રાહકોએ બચત કરેલ યુનિટ સામે વીજ કંપની દ્વારા જમા આપવામાં આવતા ભાવ બાબતે પણ વિસંગતતા હોવાની વાત કરી છે અને તેમના મતે વીજ કંપની ગ્રાહકોને જે ભાવે વીજ પુરવઠો આપે છે તે જ ભાવે ગ્રાહકો પાસેથી મેળવેલ વીજ પુરવઠાનો ભાવ ગણીનેરકમ જમા આપવી જોઈએ. આ ઉપરાંત તેમણે ફરિયાદમાં અન્ય ચાર્જિસ તેમજ નવા જોડાણમાં વસૂલવામાં આવતી સિક્યુરિટી ડિપોઝિટ સહિતની બાબતે સવાલ ઉઠાવ્યા છે અને તે સાથે તેમણે વીજ વપરાશ બિલમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા માંગ કરી છે.

# વ્યવસાયવેરા કરદાતા જોગ વ્યવસાયવેરા સમાધાન યોજના

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પફટ-૧૦૨૦૨૨-૧૦૭૫-ઠ, તા.૦૬.૧૦.૨૦૨૨ પ્રમાણે તા.૩૧-૧૨-૨૦૨૨સુધી નીચે મુજબ વ્યવસાયવેરા સમાધાન યોજના અમલમાં આવેલ છે.

(૧) બિન નોંધાયેલ વ્યવસાયીઓ જે વ્યવસાયવેરા એનરોલમેન્ટ નંબર ધરાવતા નથી, તેઓ આ વેરા સમાધાન યોજનાનાં સમય દરમ્યાન એનરોલમેન્ટ નંબર મેળવશે. તેમને ભરવાપાત્ર વ્યવસાયવેરા રકમ પર દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૨) નોંધાયેલ વ્યવસાયીઓ માટે સમાધાન યોજના હેઠળ જેટલા વર્ષનો વ્યવસાયવેરો બાકી હોય તેટલા વર્ષની વ્યવસાયવેરાની રકમ નિયત દરે ભરશે તેમને આકારવાપાત્ર વ્યાજમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩)બિન-નોંધાયેલા નિયોક્તાઓ (Employer/s) (PRC) માટે જેઓએ નોંધણી કરાવેલ નથી, તેવા કામે રાખનાર (નિયોક્તા/એમ્પ્લોયર) રજીસ્ટ્રેશન મેળવવા અરજી કરી ભરવાપાત્ર રકમ સરકારમાં ભરે તેમને દંડકીય/શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૪) નોંધાયેલ એમ્પ્લોયર માટે સમાધાન યોજના હેઠળ કામે રાખનાર(નિયોક્તા)એ તેમના વેતનદારો પાસેથી વ્યવસાયવેરો ઉઘરાવેલ હોય પરંતુ જમા કરાવેલ ન હોય તેઓને દંડકીય કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે અથવા નિયોક્તાએ વેરો ઉધારાવેલ જ ન હોય તેવા નિયોક્તાઓ જો બાકી વ્યવસાયવેરાની રકમ ભરે તો તેમને વ્યાજ અને દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે.

ઉપરોક્ત અંગે, ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પફટ-૧૦૨૦૨૨-૧૦૭૫-ઠ, તા.૦૬.૧૦.૨૦૨૨ પ્રમાણે અમલ કરવાનો રહેશે.

# વિશ્વકર્મા સુથાર સમાજનો સમૂહ લગ્નોત્સવ સંપન્ન




ગાંધીનગર, તા. ૧૩

વિશ્વકર્મા સુથાર સમાજનો બીજો સમૂહ લગ્નોત્સવ વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રમુખ ધિરૂભાઈ મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

સમૂહ લગ્નોત્સવના મંચસ્થ મહાનુભાવોમાં ઘનશ્યામભાઈ સુથાર, રાયકા - ડૉ. અમિતભાઈ ગજ્જર, ડાકોર મંદિરના પૂર્વ પ્રમુખ ચંદ્રવદન મિસ્ત્રી, પ્રાસંગિક પ્રવચન કરી રહેલા સુથાર સમાજ ગુજરાતના પ્રમુખ ઠાકોર મિસ્ત્રી, સંતરામ મંદિર કરમસદના ગાદીપતિ મહંત મોરારીદાસ મહારાજ, અગ્રણી નિખીલભાઈ ગજ્જર તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભમાં આણંદના સાંસદ મિતેષભાઈ પટેલ (બકાભાઈ), ધારાસભ્ય યોગેશભાઈ પટેલ (બાબજી) તથા આણંદ જિલ્લાના ભાજપના કાર્યકારી પ્રમુખ મયૂરભાઈ સુથાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# વોર્ડ નં.૭માં ભાજપ ચૂંટણી ઈન્ચાર્જની કામગીરીની પ્રશંસા

ગાંધીનગર તા. ૧૩

તાજેતરમાં યોજાયેલી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ વિજય મેળવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં પણ ભાજપે પાંચે પાંચ બેઠકો જીતવામાં સફળતા મેળવી છે જેમાં ઉત્તર વિધાનસભા બેઠક પરથી મહિલા ઉમેદવાર રીટાબેન કેતનકુમાર પટેલનો વિજય થયો છે. આ જીત પાછળ ભાજપના સન્નીષ્ઠ કાર્યકરોની મહેનતનો ફાળો રહેલો છે. ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર સાતમાં શહેરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલના નેતૃત્વ હેઠળ ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ તરીકે વાવોલના વરિષ્ઠ અગ્રણી કચરાજી કે. ગોલને નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમણે નિભાવેલી નિષ્ઠાપૂર્વકની કામગીરીને પગલે વોર્ડમાં ભાજપને કુલ ૧૩ બુથમાંથી કુલ ૨૫૦૪ મતની સરસાઈ અપાવવામાં સફળતા પ્રાપ્ત થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કચરાજી ગોલ વોર્ડ નંબર સાતના ઉપાધ્યક્ષ તરીકે પણ જવાબદારી નિભાવી રહ્યા છે અને વિધાનસભા ચૂંટણી દરમિયાન તેમણે બજાવેલી પ્રશંસનીય કામગીરીની વોર્ડ સંગઠનમાં પ્રશંસા થઈ રહી છે.